જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૧/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮૩૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી ૫૫ વ્યક્તિઓને ઝડપી ૧૧૭૦ લીટર દેશી દારૂ, ૮૪૪ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૨૦૪ બિયર ટીન ૦૧ સ્કુટર, ૦૧ ઓટોરીક્ષા અને ૦૩ કાર કબજે કરી હતી.તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૯૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮૩૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૮૩૭/૧૪**

**વટવા :** વટવા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરૂણીએ તા.૧૮/૧૧/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી ચેતન બળદેવભાઇ માળી(રહે.વટવા) એ આશરે છ માસ થી તા.૧૭/૧૧/૧૪ સુધીના સમયગાળા દરમ્યાન તરૂણીને અલગ-અલગ હોટલમાં લઇ જઇ તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી અવાર-નવાર શરીર સબંધ બાંધ્યો હતો તેમજ તરૂણીની જ્ઞાતી વિશે અપશબ્દો બોલી, જાનથી મારી નાંખવાની અને ફોટા-વિડીયો ઇન્ટરનેટ ઉપર મુકી દેવાની ધમકી આપી નાસી ગયો છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી "જે" ડીવીઝન ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૮૩૮/૧૪**

**ઓઢવઃ** હિનાબહેન દશરથભાઈ પંચાલ (ઉ.વ.૧૬) (રહે,મોહનકૃપા સોસાયટી વિરાટનગર વેરા પાસે ઓઢવ) ને તા.૧૨/૧૧/૧૪ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી નિલેશ સુરેશભાઈ પટેલ (રહે.તેજીન્દ્રવિહાર સોસાયટી રોડ ઓઢવ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો હતો. આ અંગેની ફરીયાદ હિનાબહેનના પિતા દશરથભાઈ પંચાલે તા.૧૭/૧૧/૧૪ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ આર જનકાંત ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૨૮૩૯/૧૪**

**સાબરમતીઃ** પ્રદિપસિંગ ગુરદિપસિંગ ગીલ (ઉ.વ.૨૪)(રહે.નીવુકીરી, તાલુકો બટાલા, જીલ્લો ગુરદાસપુર, થાના હરગોવિંદપુર, પંજાબ) તા.૧૮/૧૧/૧૪ નાં કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે ૧૩૨ ફુટ રીંગ રોડ ઝુંડાલ સર્કલથી વૈષ્ણવદેવી તરફ જવાના રોડ ઉપર અંડરબ્રીજ પહેલા ટ્રક લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા સાત થી આઠ માણસોએ ટ્રક રોકી સાહેદ રાજવિરસિંગને ટ્રકમાંથી નિચે ઉતારી દંડા તેમજ ચપ્પુ બતાવી પાઘડી વડે હાથ-પગ બાંધી દીધા હતા. ત્યારબાદ પ્રદિપસિંગને પણ ગળાના ભાગે છરી રાખી હાથ-પગ બાંધી જે હોય તે આપી દેવાની ધમકી આપી ટ્રકમાંથી રોકડ રૂપિયા ૯૫,૦૦૦/- અને મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧,૫૦૦/- ની લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રદિપસિંગ ગીલે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ જે ગોંડલીયા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૮૪૦/૧૪**

**મણીનગર :** આશિષભાઇ ગોવિંદભાઇ પંડ્યા (રહે.ઘનશ્યામબાગ સોસાયટી, ઉત્તમનગર બગીચા પાસે, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૧/૧૪ સાંજનાં ૬/૩૦ થી તા.૧૮/૧૧/૧૪ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન ચંદ્રકેતુ પંડ્યા સ્કુલની ઓફીસની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી રોકડ રૂપીયા ૬૮,૩૨૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.ગોસાઇ ચલાવે છે.

**સાબરમતી :** લલીબહેન  ઇન્દ્રજીતસિંહ કપુર (રહે.શીતલકુંજ સોસાયટી, સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૧/૧૪ નાં કલાક ૪/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, ચાંદીની મુર્તીઓ અને રોકડ રૂપીયા ૫,૧૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૯,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.નીનામા ચલાવે છે.

**થેલો ખેંચી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૮૪૧/૧૪**

**રામોલ :** પ્રહ્લાદભાઇ અંબાલાલ પટેલ (ઉ.વ.૫૩)(રહે.શિવસુખનગર, રતનપુરા ગામની સામે, વસ્ત્રાલ રોડ) તા.૧૮/૧૧/૧૪ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે નિરાંત ચાર રસ્તા, સ્વપ્નસૃષ્ટી સોસાયટી સામે રોડ ઉપરથી પસાર થતાં હતા દરમ્યાન બે મોટર સાયકલ ઉપર આવેલા ચાર પુરૂષ પ્રહ્લાદભાઇનો થેલો કે જેમાં સોનાની રણી તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- ની મતા હતી. તે થેલો ખેંચી ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રહ્લાદભાઇ પટેલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૨૮૪૨/૧૪**

**નરોડા :** મુકેશભાઇ ઇશ્વરભાઇ પટેલ (રહે.સરદાર પટેલ સોસાયટી, નવયુગ સ્કુલની બાજુમાં, નરોડા) એ તા.૧૭/૧૧/૧૪ નાં કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક પોતાની ટ્રક નંબર જીજે.૧.સી.વાય.૫૫૧૧ કિંમત રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ મુકેશભાઇ પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અશોકકુમાર નટવરલાલ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** જગદીશભાઇ ખેમાભાઇ પટેલ (રહે.વિશ્વાસ પ્લેટીનીયમ-૧, સાયન્સસીટી રોડ, સોલા) એ તા.૧૭/૧૧/૧૪ સવારનાં ૯/૦૦ વાગ્યાના સુમારે રહેણાંકનાં પાર્કિંગમાં પોતાની હુન્ડાઇ આઇ.૨૦ કાર નંબર જીજે.૧.કે.ડી.૩૦૩૭ કિંમત રૂપિયા ૩,૭૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સાંજનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ જગદીશભાઇ પટેલે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

<u>અપમૃત્યુ :-</u> <u>સમાચાર યાદી નં.૨૮૪૩/૧૪</u>

**માધવપુરા :** તા.૧૮/૧૧/૧૪ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે દુધેશ્વર પાણીની ટાંકી પાસે, વિજય રમેશભાઇ રાવત (ઉ.વ.૨૫)(રહે.મંજુસિંગ કોટની રાંગનાં છાપરાં,ગીરધરનગર બ્રીજ પાસે, ગીરધરનગર) નાઓનું કોઇ કુદરતી કારણોસર મૃત્યુ નિપજ્યુ હતુ. જેમની લાશ માધવપુરા પોલીસને દુધેશ્વર પાણીની ટાંકી પાસેથી મળી આવતાં માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ. આર.વી.મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.